પ્રોહીબીશન

**એડી.સિનિયર સિવિલ જજ અને એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, ઇડર**

ક્રિમીનલ કેસ **નં.૨૫૫૩/૨૦૨૨**

**આરોપીની પ્લી બારગેનીંગ અરજી લગત હુકમ.**

આ કામના આરોપી વિરૂદ્ધ **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ એ** હેઠળનો ગુનો પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ જે અંગે સાબરકાંઠા જીલ્લાના જાદર પોલીસ સ્ટેશનના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ હેઠળ ચાર્જશીટ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપી સામે કોર્ટ દ્વારા પ્રોસેસ ઇશ્યુ કરવામાં આવેલ. આરોપી પ્લી બારગેનીંગ કરવા અંગેની અરજી આપેલ છે, જેમને અદાલત દ્વારા ઇન કેમેરા તપાસી સ્વૈચ્છિક કબુલાત હોવાની ખાત્રી કરેલ અને કોર્ટમાં એપીપીશ્રી તથા પોલીસ સ્ટેશનના જવાબદાર કર્મચારી હાજર હોઇ તેમને નોટિસ વેવ કરેલ અને તે તમામ પક્ષકારો દ્વારા અદાલત સમક્ષ પ્લી બારગેનીંગ સંદર્ભે સંમતી થી સંતોષકારક પ્રબંધ રજુ કરવામાં આવેલ છે. પ્રોહિબીશન કાયદા હેઠળનો ગુન્હો સામાજીક તથા આર્થીક ગુન્હામાં સમાવેશ થતો નથી અને કેન્દ્ર સરકારના નોટીફિકેંશન નં. S.O 1042(E), dated 11th July of 2006 મા આપેલ કાયદાના લીસ્ટમા પડતો નથી તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટના રીટ પીટીશન(પી.આઇ.એલ.) નં. ૨૮૯/૨૦૧૩, કીરીટભાઇ બી. સંઘવી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવ્યા મુજબ આ પ્રકારના કેસો પ્લી બારગેનીંગ કરી સ્પેશિયલ સીટીંગમા નીકાલ કરી શકાય છે. જેથી તેમની પ્લી બારગેનીંગની અરજી ગ્રાહય રાખવા પાત્ર છે અને પક્ષકારો તેમની વચ્ચે સંતોષકારક ગુનો અંગેની સંમતિ કરારદાદ કરવામાં સફળ રહેલ છે.

આમ, આરોપી દ્વારા તેમના ગુનાની સ્વૈચ્છિક કબુલાત કરતા સદર કામે આરોપીને **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ એ** હેઠળ ગુનેગાર ઠરાવવામાં આવે છે. આરોપીની પરિસ્થિતી ધ્યાને રાખી તથા સમાજમાં તેમને સુધરવાની પુરતી તક મળવી જોઇએ અને ભવિષ્યમાં તેમને આવો ગુનો ન દોહરાવે તેની સુચના આપી આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ- ૨૬૫ ઇ(બી) ની જોગવાઇઓ મુજબ **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ એ એ** હેઠળ આરોપીને **રૂ. ૧૦૦**/-દંડનો હુકમ કરવામાં આવે છે. અરોપી દંડની રકમ જમા ન કરાવે તો દિવસ ૧૦ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીની ક્રી.પો.કોડ ની ક.૨૬૫બી ની પ્લી બારગેનીગ અરજી માં આપેલ નિવેદન અને કબુલાત ફકત પ્લી બારગેનીગના ચેપ્ટર સિવાય અન્ય કોઇ કામે ઉપયોગ માં લેવાનુ નથી.
- મુદ્દામાલનો ક્રિમિનલ મેન્યુલની જોગવાઇ મુજબ નાશ કરવો.
- હુકમ આજરોજ મેજીસ્ટ્રેટના સ્પેશિયલ સિટીંગમાં ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળઃ– ઇડર

તા. **૧૨/૧૧/**૨૦૨૨

(રાજેન્દર સીંઘ )
એડી.ચીફ જયુડી.મેજી., ઇડર
જી.જે.૦૧૦૮૫